# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-02-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું , રાજ્યના યુવાનો સેમિકન્ડક્ટર અને ઉપગ્રહ ઉત્પાદનનું સમગ્ર માળખું બનાવી રહ્યા છે
2) રાજ્યમાં 'કરુણા અભિયાન' હેઠળ આ વર્ષે 14 હજારથી વધુ પક્ષીઓને બચાવી લેવાયા
3) પોરબંદર ખાતે રાજ્યકક્ષાનો આઠ મો આંતરરાષ્ટ્રીય જળપ્લાવિત સેમિનાર આજે સંપન્ન થયો
4) ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં આવતીકાલે કમોસમી વરસાદની આગાહી
5) સાબરકાંઠાના તલોદના ડૉ ક્ટર પૂર્વી શાહે આંતરરાષ્ટ્રીય સ્તરની સાયકલિંગ સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ કરી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MODHVADIYA GIFT CITY

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું , ઇન્ક્યુબેટર્સ એટલે કે સમતાપ પેટીથી લઈને સેમિકન્ડક્ટર અને ઉપગ્રહ ઉત્પાદન સુધી રાજ્યના યુવાનો માત્ર આઈડિયા નહીં , પરંતુ સમગ્ર માળખું બનાવી રહ્યા છે. આજે ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ ફોર ઇનોવેશન: પેટન્ટ એનાલિટિક્સ અને ફ્રીડમ ટુ ઓપરેટ- FTO' વિષય પર યોજાયેલી કાર્યશિબિરમાં શ્રી મોઢવાડીયાએ જણાવ્યું , અગાઉ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ માત્ર લેબમાં થતા હતા, જ્યારે અત્યારે રાજ્ય સરકારના પ્રયાસો અને યુવાઓની મહેનતથી ગુજરાત સ્ટાર્ટઅપ ક્ષેત્રે દેશમાં પ્રથમ ક્રમે છે.

આ પ્રસંગે શ્રી મોઢવાડિયાના હસ્તે વિવિધ ઇનોવેટર્સને આત્મનિર્ભર ગુજરાત ફેલોશિપ અંતર્ગત કુલ 62 લાખ , IP કોમર્શિયલાઇઝેશન અંતર્ગત 3 લાખ અને નિધિ પ્રયાસ ગ્રાન્ટ હેઠળ 21 લાખ એમ કુલ 87 લાખની રકમના ચેક એનાયત કરવામાં આવ્યા.

. . . . . . . . . . . . .

# BJP ON BUDGET

કેન્દ્રીય અંદાજપત્ર 2026-27ને ગુજરાત ભાજપે આવકાર્યું છે. પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું , બજેટમાં મહિલા , યુવા, આરોગ્ય, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પર્યાવરણ જતન, ઉધોગ, કૃષિ જેવા ક્ષેત્રોને આવરી લેવાયા છે.

(બાઈટ: જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ ભાજપ પ્રમુખ)

. . . . . . . . . . . . .

# BUDGET ON AAYUSH - JAMNAGAR

કેન્દ્રીય બજેટ 2026માં આયુષ માળખાને મજબૂત કરવાના હેતુથી શ્રેણીબદ્ધ પરિવર્તનકારી પગલાંની જાહેરાત કરાઇ. જે અંતર્ગત માળખામાં 20 ટકાનો વધારો, ખાનગી ક્ષેત્રની ભાગીદારીમાં પાંચ પ્રાદેશિક મેડિકલ હબ, ત્રણ નવી ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદની સ્થાપના, આયુષ ફાર્મસીઓ અને ડ્રગ ટેસ્ટિંગ લેબોરેટરીઝનું અપગ્રેડેશન તથા WHO ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર, જામનગરનું અપગ્રેડેશન વિગેરેનો સમાવેશ થાય છે.

આ અંગે આયુર્વેદ શિક્ષણ અને સંશોધન સંસ્થાન, જામનગરના ડાયરેક્ટર પ્રોફેસર ડૉ. તનુજા નેસરીએ પ્રતિક્રિયા આપી.

( બાઇટ – Dr. TANUJA NESARI –JAMNAGAR)

. . . . . . . . . . . . .

# KARUNA ABHIYAN

રાજ્યમાં ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ 14 હજારથી વધુ પક્ષીઓને 'કરુણા અભિયાન ' થકી જીવતદાન અપાયું. સત્તાવાર યાદીમાં નિવેદન આપતા વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું , આ અભિયાન હેઠળ છેલ્લા 10 વર્ષમાં કુલ એક લાખ 18 હજારથી વધુ પક્ષીઓને બચાવી લેવાયા છે. કરુણા અભિયાન દરમિયાન અમદાવાદમાંથી સૌથી વધુ 6 હજાર 532 પક્ષીઓને બચાવી લેવાયા.

રાજ્યમાં અંદાજે 450 જેટલા કલેક્શન સેન્ટર , 60 થી વધુ કંટ્રોલરૂમ તથા 480થી વધુ સારવાર કેન્દ્રો અબોલ પક્ષીઓની સારવાર માટે શરૂ કરાયા હતા. આ કેન્દ્રો પર અંદાજે 650થી વધુ વેટરનરી ડોકટર તથા અંદાજે 8 હજારથી વધુ કર્મચારીઓ-સ્વયંસેવકો પક્ષીઓના બચાવ-સારવાર માટે જોડાયા હતા.

. . . . . . . . . . . . .

# VAGHANI BETHAK

ગુજરાત નિયંત્રણ બજાર સંઘના હોદ્દેદારોની આજે કૃષિ મંત્રી જીતુ વાઘાણી સાથે બેઠક મળી , જેમાં માર્કેટ યાર્ડના પ્રશ્નો અને સબસિડી તેમજ ચૂંટણી બાબતે ચર્ચા થઈ. આ અંગે વધુ માહિતી આપતા ગુજરાત નિયંત્રણ બજાર સંઘના અધ્યક્ષ જિજ્ઞેશ પટેલે જણાવ્યું, APMCની સહાય, ચૂંટણી સહિતના મુદ્દાની રજૂઆત કરવામાં આવી છે.

(બાઇટ : જિજ્ઞેશ પટેલ, અધ્યક્ષ)

. . . . . . . . . . . . .

# WETLANDS SEMINAR

પોરબંદર ખાતે રાજ્યકક્ષાનો બે દિવસીય ‘૮મો આંતરરાષ્ટ્રીય જળપ્લાવિત સેમિનાર' આજે સંપન્ન થયો. આ સેમિનારમાં પોરબંદર જિલ્લામાં આવેલા 225થી વધુ નાના-મોટા જળપ્લાવિત વિસ્તારો અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી. જળપ્લાવિત વિસ્તારો એ માત્ર જળાશયો નથી પણ પૃથ્વીની સુરક્ષા માટે અનિવાર્ય છે, તેથી રાજ્યની શાળાઓમાં 'વેટલેન્ડ ક્લબ' બનાવી નવી પેઢીને પ્રકૃતિ સાથે જોડવા પર ભાર મુકાયો.

સેમિનારના બીજા દિવસે પ્રતિનિધિઓ દ્વારા બર્ડ વૉચિંગ તેમજ મોકર , ગોસા સહિત આસપાસના ગામોના સ્થાનિક સમુદાય સાથે પરસ્પર સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં ગ્રામજનોએ સક્રિય ભાગીદારી નોંધાવી વેટલેન્ડના સંરક્ષણ માટે અપનાવવામાં આવતી તેમની પરંપરાગત જાણકારી તથા પ્રચલિત પદ્ધતિઓ અંગે અનુભવો રજૂ કર્યા.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# ASWINI VAISHANAV

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ કહ્યું , ગુજરાતને વિક્રમી બજેટ ફાળવણી કરવામાં આવી છે , રાજ્યને રેલવે ક્ષેત્ર માટે 17 હજાર 366 કરોડ ફાળવાયા છે. શ્રી વૈષ્ણવે ઉમેર્યું અમદાવાદથી મુંબઈ સુધીના હાઇ-સ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ખૂબ જ સારી પ્રગતિ થઈ છે , આવતીકાલે બીજી ટનલનું બ્રેકથ્રુ થશે , આગામી વર્ષ માટે વાણિજ્યિક કામગીરીનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

(બાઇટ : અશ્વિની વૈષ્ણવ)

. . . . . . . . . . . . .

# WATER TANK ACCIDENT - VALSAAD

વલસાડના કલ્યાણબાગ વિસ્તારમાં નિર્માણાધીન પાણીની ટાંકીના સ્લેબનું સ્ટ્રક્ચર ધરાશાયી થયું છે. આ દુર્ઘટનામાં ટાંકીનો સેન્ટીંગનો કેટલોક ભાગ અચાનક તૂટી પડ્યો હતો જો કે આ ઘટનામાં કોઈને ઇજા કે જાનહાનિ થયેલ નથી.

આ અંગે વલસાડના કલેકટર ભવ્ય વર્માએ જણાવ્યુ કે આ ઘટના અંગે તપાસ કરવામાં આવશે અને જો કોઈ ક્ષતિ જણાશે તો કાયદેસરના પગલાં લેવામાં આવશે.

( બાઇટ - BHAVYA VERMA – COLLECTOR – VALSAAD )

. . . . . . . . . . . . .

# RAJKOT ACCIDENT

રાજકોટના ગોંડલ ચોકડી પાસે વંદે ભારત ટ્રેનની અડફેટે 3 વ્યક્તિ આવી જતાં એકનું મોત થયું છે જ્યારે 2ને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. ભક્તિનગર અને રિબડા રેલવે મથક વચ્ચે આવેલા માલધારી ફાટક નજીક આ અકસ્માત સર્જાયો હતો. ઘટનાને પગલે રેલવે તંત્ર અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

. . . . . . . . . . . . .

# TAPI MADAK PINA

તાપી જિલ્લા પોલીસે આજે ૩ કરોડથી વધુની કિંમતના કરોડો રૂપિયાના માદક પીણાંનો નાશ કરાયો. જિલ્લાના અલગ અલગ પોલીસ મથકોમાં નોંધાયેલા 296 ગુનાઓમાં આ જથ્થો જપ્ત કરાયો હતો. જેમાં કુલ એક લાખ 16 હજારથી વધુ માદક પીણાંની બોટલો નાશ કરવામાં આવી.

. . . . . . . . . . . . . .

# WEATHER

ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં આવતીકાલે કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા અને ભરૂચમાં હળવો વરસાદ પડી શકે છે. જ્યારે બાકીના તમામ જિલ્લામાં વાતાવરણ સૂકું રહેશે. હવામાન વિભાગના વડા એ.કે. દાસે જણાવ્યું કે, આગામી સાત દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

(બાઈટ – એ.કે. દાસ)

. . . . . . . . . . . . .

# SABARKANTHA CYCLIST

સાબરકાંઠા જિલ્લાના તલોદના ગાયનેકોલોજિસ્ટ ડૉ. પૂર્વી શાહે આંતરરાષ્ટ્રીય સ્તરની સાયકલિંગ સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. અમદાવાદના સાયક્લોન સાયકલિંગ ક્લબ દ્વારા ‘ઓડેક્સ ઇન્ડિયા રેન્ડોનર્સ ’ હેઠળ આયોજિત આ 1200 કિલોમીટર સાયકલિંગ કરી ગુજરાતના ચોથા મહિલા સાયકલિસ્ટ બન્યા છે.

આ યાત્રામાં તેમણે અમદાવાદ-પુષ્કર રૂટ પર 1200 કિ.મી.નું અંતર માત્ર 88 કલાક અને 14 મિનિટમાં કાપ્યું હતું. આ સ્પર્ધામાં કુલ 17 સ્પર્ધકોમાંથી માત્ર 10 રાઈડર્સ જ સફળ રહ્યા હતા.

. . . . . . . . . . . . .